JAIN KRANTI
# જૈન ક્રાંતિ
Vol. 16 | Issue 6 | Mumbai | October - 2025| Price Rs. 5/- | Pages : 32




> “કોઈ અજાણ્યાના સ્વજન બનવું એ જ સાચી **માનવતા** અને માનવતાનો **‘મહોત્સવ’** છે!”

- **29 New Arham Animal Ambulances launched**
- **50,000 sq,ft.**માં સર્જનારુ પારસધામ-અમદાવાદનું અનાવરણ
- **55** સાધર્મિક ભાઈઓને આત્મનિર્ભર બનાવવા માલિકીની રિક્ષા અર્પણ
- જૂનાગઢની **universities**ના સેંકડો ભાવિકોએ ‘હું વ્યસન કરીશ નહીં અને કરનારને મિત્રો બનાવીશ નહીં’ ની કરી પ્રતિજ્ઞા
- માનનીય ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે જૂનાગઢમાં **300 Bed**ની **multi-speciality Tapsamrat hospital**નું શીલાપૂજન

## રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

### 55th જન્મોત્સવ

# MANAVTA MAHOTSAV








કોઈના

# દુઃખ જોઈ શકીએ

એવી

# દૃષ્ટિનો જન્મોત્સવ

એ હોય

# માનવતા મહોત્સવ!





JAIN KRANTI
# જૈન ક્રાંતિ
5th October 2025, YEAR: 24, ISSUE - 295
PAGES : 28 + 4 • RETAIL PRICE : ₹ 5

## આસું ભરેલી આંખમાં
## આનંદ લાવવાનો ઉત્સવ એટલે
## માનવતા મહોત્સવ !



**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ**
**શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના**
દરેક **જન્મોત્સવ** અવસરે
લાખો અબોલ જીવો અને લાખો જરૂરિયાતમંદોની
**આંસુ ભરેલી આંખોમાં આનંદ છવાઈ જાય છે**
અને વિવિધ પ્રકલ્પો દ્વારા જન્મોત્સવ બની જાય છે

## માનવતાનો મહામહોત્સવ !



જૈન ક્રાંતિના આ અંકમાં
પ્રકલ્પોની અનુમોદના કરી તમે પણ
તમારી ક્ષણોને બનાવી દો આનંદનો

## આનંદોત્સવ !

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

: SUBSCRIPTION :

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો
સંપર્ક : **+91-9324808181**

**TO KNOW MORE ABOUT**
**PUJYA GURUDEV**
**CONTACT ON: +91-9860905678**

# નાના મુખ પર મોટી મુસ્કાનથી મોટા સ્વપ્ન પૂર્ણ કરતાં પ્રકલ્પો !

## અર્હમ EDUCATION SUPPORT

**45,000+** *Students &*

**100+** *Schools Supported*

હજારો **underprivileged** બાળકોને **school kits, uniforms, school fees**માં **help**ની સાથે **educational requirements** અર્પણ કરવાની સાથે અનેક **schools**ને **infrastructural facilities** અને **academic resources** અર્પણ !

























## PROBOOK

**14,50,000+** *Probooks Distributed*

અનેક જરૂરિયાતમંદ બાળકોને **probook** અર્પણ કરવાથી તેમનો અભ્યાસ પ્રત્યેનો ઉત્સાહ વધી જાય છે અને તેમના માતા-પિતાની ચિંતા પણ કંઈક અંશે દૂર કરવાનો પુરુષાર્થ

## અર્હમ ACADEMY

**10,000+** *Kids learnt Moral Values*

આદિવાસી વિસ્તારમાં રહેતા અભણ અને અણસમજુ બાળકોને સત્ય, અહિંસા અને માનવતાના નૈતિક પાઠ શીખવાડતો પુરુષાર્થ











# આફતની ઘડીએ રાહતનો શ્વાસ આપતાં પ્રકલ્પો !

## EMERGENCY MEDICAL સહાય

**કરોડો રૂપિયા**
*Disbursed*

જરૂરિયાતમંદ
સાધર્મિક પરિવારો પર
અણધારી આફત સમયે વ્યક્તિ
જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતી હોય,
ત્યારે આર્થિક સહાય આપવાનો પુરુષાર્થ
























## અર્હમ DIALYSIS સહાય

**30,000**
*Dialysis Treatments Sponsored*

**Worldની એકમાત્ર non-profit organization, જે dialysisના દર્દીઓને પોતાના Registered Dialysis Centreમાં continue કરવાની permission સાથે એમની treatment માટે sponsor કરવાનો પુરુષાર્થ**

## અર્હમ CATARACT સહાય

**1,300+**
*Cataract Surgeries Sponsored*

જીવનની સંધ્યાએ
રોશનીને cataract surgery
દ્વારા clear vision આપવાનો પુરુષાર્થ









# અબોલના અદશ્ય આંસુઓને અનુભવી શાતા અર્પણ કરવાના પ્રયાસો !

## અર્હમ ANIMAL WELFARE

**100+** *Panjrapols*
**500+** *Tonnes of Fodder*
**400+** *Animal Hydration Tanks*
**25000+** *Bird Feeders*

ગાયોને ઘાસચારો એવમ્ પંખીઓને ચણ સાથે પશુ એવમ્ પંખી પ્યાઉની વ્યવસ્થા સાથે દર વર્ષે ગૌશાળાઓ એવમ્ પાંજરાપોળમાં ગાયોને નિયમિત આહાર-પાણી, સુરક્ષા અને **medication** મળી રહે તે માટે સહાય અર્પણ
















## અર્હમ અનુકંપા

**60,000+**
*Fishes Rescued*

ગરમાગરમ તેલમાં તળાવા જતી અને કોઇની થાળીનું ભોજન બનવા જઈ રહેલી જીવિત માછલીઓને પુનઃ સુરક્ષિત સ્થાન પર રાખવાનો પુરુષાર્થ

## અર્હમ અભયદાન અભિયાન

**28,200+**
*Goats Saved*

કોઇના મુખનો આહાર બનવા જતી નિર્દોષ બકરીઓને બચાવી **Medical care** આપી સુરક્ષિત સ્થાન આપવાનો પુરુષાર્થ









# જીવન જરૂરિયાત પૂરી પાડી ક્ષુધા તૃપ્ત કરતાં પ્રકલ્પો !

## અર્હમ અન્નદાન સહાય



### લાખો
*Kits Distributed*

હજારો સાધારણ સાધર્મિક પરિવારોને દર મહિને
3 પ્રકારના અનાજ અને કઠોળ, મીઠું, સાકર, ઘી, તેલ
જેવા ખાદ્ય પદાર્થોથી યુક્ત grocery kit
અર્પણ કરવાનો પુરુષાર્થ



## અનંત અર્હમ આહાર

### 2,00,000+
*Sattvik Meals Every year*

AYSGના Youngstersના પુરુષાર્થથી
અનેક સ્થાન પર હજારો જીવોના પેટની
આગને ઠારવાનો પુરુષાર્થ



# જીવનમાં હાશ, મીઠાશ અને હૂંફ પ્રસરાવતા પ્રકલ્પો !

## Mega
## છાશ વિતરણ

**10,00,000+**

*Glasses served*

ભીષણ ગરમીમાં
મજૂરો, કર્મચારીઓ, **Railway Station** પર કાર્ય કરતાં લોકો,
રસ્તા પર રહેલાં ફેરિયા આદિને ઠંડી છાશ
અર્પણ કરી તૃષા તૃપ્તિનો પુરુષાર્થ














## GIFT મીઠાઈ,
## SPREAD મીઠાશ

**31,000 +**

*Boxes Distributed*

દિવાળી પર્વમાં હજારો જરૂરિયાતમંદ
એવમ્ સાધર્મિક પરિવારો પણ મીઠું
મોઢું કરી દિવાળી ઉજવી શકે એ ભાવ સાથે
મીઠાઈ **boxes**નું વિવિધ ક્ષેત્રમાં વિતરણ

## Mega
## BLANKET
## વિતરણ

**10,000+**

*Blankets - Sweaters Distributed*

ગ્રામ્ય વિસ્તાર એવમ્ શહેરોમાં
રસ્તા પર જ પોતાની નાની ઝૂંપડપટ્ટીમાં
જીવન નિર્વાહ કરતા અનેક લોકોને કડકડતી
ઠંડીમાં **blanket - sweaters**
અર્પણ કરી હૂંફ પ્રદાન
કરવાનો પુરુષાર્થ







# Waste એવી પસ્તીમાંથી best એવો જ્ઞાનદાનનો પ્રકલ્પ !

## અર્હમ પસ્તી સે પુસ્તક

**1,50,000+**

*Kgs Total Collected*

અર્હમ યુવા સેવા group દ્વારા નિયમિતરૂપે પસ્તી collection દ્વારા જરૂરિયાતમંદ વ્યક્તિઓને વિવિધ સહાય માટે અને મહત્તમ રકમથી educational સહાય આપવામાં આવે છે. ઉપરાંતમાં અર્હમના સેવકો સમયે સમયે મહાપસ્તી અભિયાન અંતર્ગત એક મહિનામાં સૌથી વધારે પસ્તી collect કરે છે, તે માટે Limca Books of recordમાં ગૌરવવંતું સ્થાન પ્રાપ્ત કરેલ છે.











Limca
Book of Records

National Record

**Arham Yuva Seva Group (AYSG)** collected most waste paper across the country in 24 hr on March 1, 2015. Called Maha Pasti Abhiyan Day, it was conducted in seven cities – Akola, Amravati, Aurangabad, Chennai, Gondal, Mumbai and Rajkot. The mega waste paper collection weighed 1,13,519 kg. The proceedings of 'pasti' will be used help needy students, build toilets, water tankers, education kits, notebooks, uniforms and other requirements.

Vijaya Ghose
Editor, Limca Book of Records











# મુશ્કેલીની ઘડીએ મુસ્કાન લાવવાનો પુરુષાર્થ કરતાં પ્રકલ્પો !

## અર્હમ આશ્રમ સહાય

**40,000+**

*Beneficiaries Supported*

**વૃદ્ધાશ્રમ, મંદબુદ્ધિ આશ્રમ એવમ્ અનાથાશ્રમમાં બાળકોને જીવન જરૂરિયાતની સામગ્રી, medical requirements આદિ અર્પણ કરવાની સાથે AYSGના youngsters દ્વારા એમના સાથે થોડો સમય વિતાવી એમના મુખ પર પ્રસન્નતા લાવવાનો પુરુષાર્થ**





## BLOOD DONATION CAMP

*Every year* **150+**

*Bottles of Blood Collected*



**2001થી દર વર્ષે campના માધ્યમથી અર્હમના સેવકો 150થી વધુ bottles blood collect કરી Hospitalમાં અર્પણ કરે છે**

# નવકાર ગણનારા અને પ્રભુને અનુસરનારા સાધર્મિકોના આંખના આંસુ લૂછતો એક પ્રકલ્પ !

# સાધર્મિક સહાય યોજના

**હજારો**
*Beneficiaries Supported*










## સાધર્મિક સહાય

સૌરાષ્ટ્રના નાના નાના ગામમાં વસતા સાધર્મિક પરિવારોને આર્થિક સહાય, અન્ન સહાય, વૈદ્યકીય અને શૈક્ષણિક સહાય આપવાનો પુરુષાર્થ





## સાધર્મિક સહાય ઉત્સવ

પરમ ગુરુદેવના સાંનિધ્યે આયોજિત સાધર્મિક સહાય ઉત્સવમાં સાધર્મિક પરિવારોને કર્મ અને પુણ્ય-પાપની સમજ એવમ્ પુણ્ય ઉપાર્જનનું માર્ગદર્શન આપી સ્વાવલંબી બનવા માટે પ્રેરણા






## સાધર્મિક MALL

સાધર્મિક ભાવિકોને ₹ 5000નું voucher આપી mallમાંથી એમને જે ખરીદી કરવી હોય તે માટે freedom આપવામાં આવે છે.

# મુશ્કેલીની ઘડીએ સુરક્ષિતતા અર્પણ કરતાં પ્રકલ્પો !

## HOUSE PROJECT

**100+**

*Beneficiaries Supported*

ભાવનગરના ઘર વિહોણાં અને **leprosy** પીડિત દર્દીઓને એવમ્ જુનાગઢના પૂરગ્રસ્ત એવા ઘર વિહોણાં પરિવારોને મકાન અર્પણ





## અર્હમ DISASTER RELIEF

**70,000+**

*People Rescued*

જ્યારે જ્યારે રાષ્ટ્ર પર આફત આવે છે અતિવૃષ્ટિ, ભૂકંપ, અનાવૃષ્ટિ, આગ હોય કે **bomb blast** હોય, આવા કપરા સમયે લોકોને **rescue** કરવાથી લઈને તેમને જીવન જરૂરિયાતની સામગ્રી અર્પણ કરવાની સાથે ગરમ ભોજન અને **medications** આપી રાહત અર્પણ



# માનવ સેવા અને જીવદયાના DAILY PROJECTS

## અર્હમ
## રોટી અભિયાન

**1,11,00,000+**

*Rotis Distributed*



તપસમ્રાટ પ્રસાદમ્ રોટી અભિયાન અંતર્ગત રાજકોટ અને આસપાસમાં વસતા જરૂરિયાતમંદોને **mobile van**માં દરરોજ **4000**થી વધુ ગરમ-ગરમ રોટલી સાથે કઠોળ, ગોળ અને ક્યારેક મીઠાઈ-ફરસાણ અર્પણનો પુરુષાર્થ

## અર્હમ
## જીવદયા અભિયાન

**1,57,00,000+**

***KG** Ghass Distributed*

દરરોજ રાજકોટની આસપાસની **21**થી વધુ પાંજરાપોળ અને ગૌશાળામાં આહાર માટે ઘાસચારો પહોંચાડવાનો પુરુષાર્થ



# રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો

# 55th જન્મોત્સવ

# માનવતા મહોત્સવ

## સમાજ ઉપયોગી સેવાના પ્રકલ્પો અને સાધનાની સ્પંદના સાથે દિવ્યતાથી ઉજવાયો



ગિરનારની ધન્ય ધરા પર રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના 55th જન્મોત્સવ અવસરે ત્રિદિવસીય માનવતા મહોત્સવમાં **હજારો જીવોને શાતા-સમાધિ આપતાં જીવદયાના** અનેક પ્રકલ્પો-સતકાર્યો, ગુણોના સંસ્કરણ અને સેવાના અનેકવિધ કાર્યો કરવામાં આવ્યાં હતાં.



## Addiction Free India

મહોત્સવના પ્રથમ દિવસે પરમ ગુરુદેવને જન્મોત્સવની અભિવંદના અર્પણ કરવા જૂનાગઢની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ઉપરાંત 8 યુનિવર્સિટીના મળીને 3,000થી વધુ યુવાનો, શિક્ષકો અને પ્રધ્યાપકો પ્રભુ નેમ દરબારમાં પધાર્યા હતાં.

આ અવસરે યુવાનોને દેશના ભવિષ્ય સ્વરૂપે ઓળખાવીને પરમ ગુરુદેવે ફરમાવ્યું, જો યુવાન સંસ્કારિત હોય તો આખો સમાજ સંસ્કારિત બની જાય.

Addictionથી થતી જીવનની દુર્દશા દર્શાવતું દશ્ય 'પાનેતર' અને અબોલ જીવોની વેદના દર્શાવતું દશ્ય 'મૈં બેજુબાન હું બેજાન નહીં'ની હૃદયદ્રાવક પ્રસ્તુતિ નિહાળીને ઉપસ્થિત સેંકડો યુવાનોએ આજીવન માંસાહાર ત્યાગ અને વ્યસન ત્યાગની અનોખી ભેટ પરમ ગુરુદેવને અર્પણ કરતાં હર્ષ હર્ષ છવાયો હતો.

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના Vice chancellor શ્રી ચૌહાણ સાહેબ, આદિ મહાનુભાવોએ સુંદર ભાવોમાં જન્મોત્સવની શુભેચ્છા અર્પણ કરી હતી.




## Seed To Shade Podcast – Growing With Gurudev

પરમ ગુરુદેવ સાથે 3 generationsએ રૂબરૂ વાર્તાલાપ કર્યો હતો. જેમાં પરમ ગુરુદેવે નાના નાના બાળકોને પોતાની બાળ સહજ શૈલીમાં, યુવાઓને practical અને logical જવાબો સાથે, adultsને social life અને spiritual lifeને balance કરતાં સુંદર સમાધાન આપવામાં આવતા ખૂબ જ રસપ્રદ સંવાદ યોજાયા હતા.





## આત્મનિર્ભર અભિયાન

ભાડાની રિક્ષા ચલાવીને મુશ્કેલીથી જીવન નિર્વાહ કરી રહેલાં એવા 55 રિક્ષા ચાલકોને આ અવસરે રિક્ષાની અર્પણતા સાથે આજીવિકાની નિશ્ચિંતતા આપવામાં આવી હતી.




## Mini Mantrotsav

Look N Learnના બાળકો દ્વારા પરમ ગુરુદેવને 55th જન્મોત્સવ નિમિત્તે વિનય, વંદના, ભક્તિ, sharing, સેવા આદિ 55 ગુણોની ભેટ અર્પણ કરવામાં આવી હતી.

Next 1 yearમાં 5 કરોડ, 65 લાખથી વધુ 'ઉવસગ્ગહર પાસં પાસં વંદામિ' મંત્રનાદનાં સંકલ્પ સાથે ઘરે-ઘરે અભિમંત્રિત કલશની પધરામણી કરાવીને લુક એન લર્નના બાળકો દ્વારા Mini Mantrotsavની ઉદ્‌ઘોષણા કરવામાં આવી.






## ગિરનારે લહેરાયો માનવ મહેરામણ

ગુજરાતના માનનીય ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, માનવતા પ્રેમી શ્રી અક્ષયકુમાર, ઘાટકોપરના શ્રી પરાગભાઈ શાહ, દિલ્લીના શ્રી તજિન્દરજી બગ્ગા, કોલકતાના શ્રી અવંતિભાઈ કાંકરિયા, ગોંડલથી શ્રી પ્રવીણભાઈ કોઠારી, જૂનાગઢના MLA શ્રી સંજયભાઈ કોરડીયા આદિ સમગ્ર દેશનાં ખૂણે ખૂણેથી પધારેલાં અનેક સંઘો, શ્રેષ્ઠિવર્યો, અનેક સંસ્થાના પદાધિકારીઓ, રાજકીય હસ્તીઓ તેમજ ભાવિકોની સાથે વિદેશનાં 100થી વધુ દેશનાં મળીને લાખો ભાવિકોએ પ્રત્યક્ષ તેમજ liveના માધ્યમે ઉપસ્થિત રહીને જન્મોત્સવના વધામણા કર્યા.







## અર્હમ મેરા સ્વજન

આ દુનિયામાં એક વર્ગ એવો પણ છે જે નિ:સહાય, નિરાધાર, દુ:ખથી પીડિત છે. જેમને 3 ટંક ભોજન પણ મળી શકતું નથી, ઘરમાં દિવ્યાંગ બાળક હોય, સ્વજનો બીમાર હોય, ભાડાનું ઘર એવી સ્થિતિમાં હોય કે તેની છત પણ પડી ગઈ હોય, સંતાન હોશિયાર હોવા છતાં ભણાવા માટે પૈસા ન હોય, કિડની ખરાબ હોવાથી દર મહિને dialysis કરાવવું પડતું હોય તેના પણ પૈસા ન હોય અને મન તૂટી ગયું હોય, જીવવાની પણ આશા ન હોય, આવી અનેક દુવિધામય પરિસ્થિતિઓમાં જ્યારે પોતાના કહેવાતા સ્વજનો પણ તેમની મદદ માટે હાથ ઊંચા કરી દે, ત્યારે અજાણ્યાના સ્વજન બનીને આવ્યા છે- અર્હમ યુવા સેવા ગ્રુપના યુવાનો, આવી ભાવનાઓ દર્શાવતા અનેક કરુણામય સત્ય ઘટનાને દર્શાવામાં આવી હતી. સાથે, જીવનદાનની યાચના કરતી હજારો અબોલ ગાયોનું હરાજી કેન્દ્રના હૃદયદ્રાવક દ્રશ્યો અને કેવી રીતે અર્હમના યુવાનો તેને સુરક્ષિત આશ્રય સ્થાન અપાવે છે આ સર્વ દશ્યાંકન જોઈ ઉપસ્થિત હજારો ગુરુભક્તો, ભાવિકો અને મહાનુભાવોની આંખો ભીની થઈ ગઈ હતી. સત્કાર્યની પ્રેરણા આપનાર સ્વજન, અર્થનું અનુદાન આપનાર સ્વજન અને પોતાના શ્રમ અને સમયનું યોગદાન આપનાર સ્વજનોને સહાય પ્રાપ્ત કરનાર ભાવિકોએ અશ્રુભીની આંખે પરમ ઉપકાર વ્યક્ત કરતાં- પરમ ગુરુદેવને ‘ઘણું જીવો’ના આશીર્વાદ આપ્યા હતા.

## દિવ્ય જપ સાધના

પ્રભુ નેમ દરબારમાં ભાવિકો મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની સંકલ્પ સિદ્ધિ જપ સાધનામાં લીન- તલ્લીન- લયલીન બનીને ધન્ય બન્યાં હતાં.









### પરમના હૃદય ઉદ્‌ગાર

**પોતાના અને જાણીતાઓના સ્વજન તો બધાં બને પણ કોઈ અજાણ્યા નિ:સહાય, દુ:ખી અને લાચાર જીવના સ્વજન બનીને એમના જીવનમાં ખુશી લાવવી તે જ સાચી માનવતા છે. આવા પરમ ગુરુદેવના હૃદય ઉદ્‌ગારો માત્ર શબ્દોમાં નહીં પણ આ મહોત્સવના પ્રત્યેક કાર્યોમાં, અને ભાવિકોના ભાવોમાં છલકાતા દેખાયા હતા.**

## પારસધામ અમદાવાદ

મુંબઈ, રાજકોટ, વડોદરા, જામનગર, કોલકત્તા, મહારાષ્ટ્ર, લાઠી જેવા ક્ષેત્રોમાં સર્જાયેલાં માનવતા, સેવા અને સાધનાના ધામ એવા પારસધામ સંકુલની શૃંખલામાં એક ઓર પારસધામ અમદાવાદના નિર્માણની ઉદ્‌ઘોષણા કરવામાં આવી હતી.



# મહા કર્તવ્ય-માનવ સેવા અને જીવદયાના

## તપસમ્રાટ હોસ્પિટલ

સમગ્ર સૌરાષ્ટ્રના લોકો માટે આશીર્વાદરૂપ બનનારી 300 bedની અદ્યતન સુવિધાઓથી સજ્જ એવી પરમ ગુરુદેવની પ્રેરણાથી જૂનાગઢની ધરા પર નિર્માણ પામનારી Tapsamrat multi specialty hospitalનું શીલાપૂજન ગુજરાત રાજ્યના ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે કરવામાં આવતાં હર્ષનાદ છવાયો હતો.



## Community Welfare Project

ઘાયલ વેદનાગ્રસ્ત પશુ- પંખીઓની તત્કાલ સુશ્રુષા કરીને એમને નવજીવન આપતી પરમ ગુરુદેવની પ્રેરણાથી કાર્યરત એવી 26 અર્હમ એનિમલ એમ્બ્યુલન્સ દ્વારા આજ સુધી 1 લાખ, 13 હજારથી વધુ જીવોને શાતા આપવામાં આવી છે. ત્યારે આ અવસરે વધુ 29 એનિમલ એમ્બ્યુલન્સની અર્પણતાની જાહેરાત કરવામાં આવી હતી. એ સાથે જ સૌરાષ્ટ્ર, ગુજરાતની અનેક સંસ્થાઓ, આશ્રમો, પાંજરાપોળો અને ગૌશાળાઓને સહાયની અર્પણતા સાથે ભાવનગરની અંકુર સંસ્થાને 200થી વધુ દિવ્યાંગ બાળકો માટેની શાળાના નિર્માણ અર્થે બહોળું અનુદાન જાહેર કરવામાં આવ્યું હતું.






## ધર્મસત્તા અને રાજસત્તાની શુભેચ્છા

આ અવસરે ઉપસ્થિત ગુજરાત રાજ્યના માનનીય ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ તેમના સમકાલીન તથા આગામી પેઢીના યુવાધનને ખોટી દિશામાં જવાથી અટકાવી, માનવતાની દિશામાં દોરવા માટે વિવિધ પ્રકલ્પો દ્વારા યુદ્ધના ધોરણે કાર્ય કરી લાખો યુવાનો માટે દિશાદર્શક બનેલા એવા પરમ ગુરુદેવનો અંત:કરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

સ્વામીનારાયણ સંપ્રદાયના શ્રી મહંત સ્વામીજી તેમજ ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા પરમ ગુરુદેવના માનવતાના કાર્યોની પ્રશસ્તિ અને જન્મોત્સવની શુભેચ્છા અર્પણ કરતાં સુંદર ભાવો સાથેના પત્ર અર્પણ કરવામાં આવ્યા હતા.

Videoના માધ્યમે મહારાષ્ટ્ર રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્રજી ફડણવીસ તેમજ Deputy Chief Minister શ્રી એકનાથજી શિંદે અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવો એ પરમ ગુરુદેવ દ્વારા થતાં માનવતાના સત્કાર્યોની પ્રશસ્તિ કરીને સુંદર ભાવો સાથે શુભેચ્છા અર્પણ કરી હતી.








## ચાતુર્માસ વિનંતી - આરાધ્ય ચાતુર્માસ 2026

ઘાટકોપરના ગુરુભક્ત શ્રી પરાગભાઈ શાહ પરિવાર તેમજ સમગ્ર મુંબઈના ભાવિકો દ્વારા પરમ ગુરુદેવને આગામી વર્ષ 2026ના ચાતુર્માસની અહોભાવભીની, ભક્તિભીની વિનંતી કરી હતી.





## મંગલ કળશ

પરમ ગુરુદેવના બ્રહ્મસ્વરે પ્રગટતાં દિવ્ય મંત્રધ્વનિ અને એમની સાધના શક્તિથી સમૃદ્ધ અભિમંત્રિત મંગલ કળશની ઉછામણીનો લાભ લઈને શ્રી પ્રદીપભાઈ દોશી પરિવાર, શ્રી જયેશભાઈ શેઠ પરિવાર અને શ્રી અવંતિભાઈ કાંકરિયા પરિવાર ધન્ય બન્યાં હતાં.







## મીઠી અર્પણતાથી ગુરુદેવને વધામણા

પરમ ગુરુદેવના 55th જન્મોત્સવ પર તેજાણી પરિવાર અને ભાવિકો દ્વારા 55 કિલોના લાડવાની અર્પણતા કરીને ભક્તિવાન ભાવિકો કૃતકૃત્ય બન્યાં હતાં.



# હૃદયના ધબકારમાં જીવદયાને વહેતી કરતાં પ્રકલ્પો !

## અર્હમ AMBULANCE સહાય



*Annually*

**1,13,000+**

*Animals and Birds Treated*

રસ્તા પરના ઘવાયેલા, માસુમ, અબોલ જીવોને, ambulanceમાં નિષ્ણાંત doctors દ્વારા emergency treatment આપી તેમની અશાતા દૂર કરવાનો પુરુષાર્થ

વર્તમાનમાં **26** અર્હમ Animal Ambulance કાર્યરત

## ALWAYS CARE CLINIC

**4,500+**

*Animals and Birds Treated*

Birds અને animals માટે special clinicનું સર્જન જેમાં તેમની માટે special roomsના સર્જન સાથે અનુકૂળ special equipments & treatments આદિની સુવિધાઓ અને સુયોગ્ય સારવાર આપી તેઓ સંપૂર્ણ સ્વસ્થ ન થાય ત્યાં સુધી તેમની ખેવના કરવાનો પુરુષાર્થ



# માનવ સેવાના નવ્ય પ્રકલ્પો !

## અર્હમ આત્મનિર્ભર Project

## RICKSHAW & ERTIGA

**300+** *Rickshaws Distributed*

**50+** *Ertiga Cars*

ભાડાની રિક્ષા ચલાવતાં રિક્ષા ચલાવતાં રિક્ષા ચાલકોને આત્મવિશ્વાસ સાથે આત્મનિર્ભર બની શકે તેવી શુભ ભાવના સાથે માલિકીની રિક્ષા અર્પણ એવમ્ graduate and postgraduate થઇને jobless હોવાથી હતાશ થયેલા યુવાનો driving કરી જીવન નિર્વાહ કરી શકે તે માટે ertiga cars અર્પણ થશે.




**સહયોગ -**

**દેવાનુપ્રિય શ્રી મનુભાઈ અને**

**શ્રી રીકાબેન શાહ, U.S.A.**

Sarva Mangal

Family Trust - America

## ગુરુ પ્રસાદ

**8,00,000+**

*People Served*

ઘાટકોપરના M.L.A. શ્રી પરાગભાઈ શાહની ટીમના સંચાલનમાં, ઘાટકોપરમાં કોઇ ભૂખ્યું નહિં સૂઇ શકે તેવા ભાવ સાથે પારસધામના આંગણે દરરોજ જરૂરિયાતમંદ હજારો ભાવિકોના ભોજનની વ્યવસ્થા દ્વારા ઘાટકોપરના અલગ અલગ ક્ષેત્રોમાં ભોજન અર્પણ કરવાનો પુરુષાર્થ



**New center started in Mulund and Dombivali**

# વિવિધ Missions દ્વારા વિવિધ માનવતા - જીવદયાની પ્રવૃત્તિઓ

## ARHAM Inc. USA

**For More Information:**
**usa@arham.org**
**https://arham.org/usa**



**Arham Inc. USA is a non profit 501 (C)(3) organisation that provides brown paper lunch bags to school kids, serves hot vegetarian meals, donates hygiene kits, sleeping bags, blankets to the underprivileged, supports Luvin Arms, an animal sanctuary to stand up against animal cruelty and supports numerous humanitarian activities conducted by various NGO's across India.**



## PARASDHAM YOUTH

# 2,000+

*Beneficiaries Supported*

PARASDHAM YOUTH

**આજના યુગમાં જ્યાં Malls - Movies - Masti - Mobile & Parties જ જોવા મળે છે, એવા સમયે youngsters દ્વારા પોતાના innovative ideasથી અલગ અલગ વર્ગના જરૂરિયાતમંદ જીવોને શાતા પહોંચડવાનો પુરુષાર્થ**



# વિવિધ Missions દ્વારા વિવિધ માનવતા - જીવદયાની પ્રવૃત્તિઓ

## સોહમ મહિલા મંડળ



**3,000 +**
*Beneficiaries Supported*

સોહમ મહિલા મંડળના બહેનો દ્વારા આગમનો અભ્યાસ અને જ્ઞાનવૃદ્ધિના પ્રયાસો સાથે સાધર્મિક સેવા, જીવદયા, માનવતા, ગુરુભક્તિ, પુસ્તક પ્રકાશન અને સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ જેવા પરમાર્થ સાથે સેવા, સાધના અને સમર્પણતામાં અગ્રેસર રહેવાનો પુરુષાર્થ

**ભાવિકોની અંતિમ ક્ષણોને સુધારવા માટે તેમને અંતિમ આરાધના કરાવવા તેમના ઘરે જઈ પ્રભુનું સ્મરણ, શ્રી નવકાર મંત્રનું શ્રવણ અને આલોચનાથી પાપોનું વિસ્મરણ કરાવી મૃત્યુને મહોત્સવ બનાવવાનો પુરુષાર્થ**

## સોહમ સેવા GROUP



**સોહમ સેવા ગ્રુપ દ્વારા ગૌસેવા, પક્ષી બચાવ, આરોગ્ય કેમ્પ, R.O. Plant, Stationary kit, તાળપત્રી, sweaters, મચ્છરદાની વિતરણ જેવી અનેક માનવીય સેવાઓ સાથે ગ્રામ્ય શાળાઓના પુન:નિર્માણ દ્વારા હજારો વિદ્યાર્થીઓને અભ્યાસની ઉત્તમ સુવિધાઓ આપવામાં આવી રહી છે. 'Gramin School Upliftment Project' હેઠળ શાળાઓનું renovation અને digital સાધનો અર્પણ કરી વિદ્યાર્થીઓના ભવિષ્યને ઉજળું બનવાનો પુરુષાર્થ**

# વિવિધ Missions દ્વારા વિવિધ માનવતા - જીવદયાની પ્રવૃત્તિઓ

## PARAM TIFFIN સહાય

## 12,00,000+

*Tiffins Distributed*

એકલા અટુલા જીવન વ્યતીત કરતાં અનેક વડીલો માટે **Param tiffin** સહાય અંતર્ગત **Senior Citizen Group**ના ભાવિકો, શ્રી નમસ્કાર મંત્ર અને શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનું ઉચ્ચારણ કરીને સ્વાસ્થ્યપ્રદ, ઘર જેવું શુદ્ધ, સાત્વિક અને ગરમ ભોજન એમની જરૂરિયાત અને સ્વાસ્થ્યને અનુલક્ષીને ભરે અને વડીલોના ઘરો સુધી **tiffin** પહોંચાડવાની સેવા અર્પણ

















## WELCOME ZINDAGI

## 7,400+

*Newborn Babies & Mothers Supported*

**Pawandham AYSG senior group**ના ભાવિકો દ્વારા અલગ અલગ **hospital**ની દર મહિનાની **26th** તારીખે **visit** અને નવા જન્મેલા બાળકોને **clothes** એવમ્ માતાને **nutritional support** અર્પણ કરવાનો પુરુષાર્થ

## જતના GROUP

## 1,650+

*Kits Distributed*

લોકોના ઘરે ઘરે જઈ તેમને જતના વિશેની સમજણ આપી પરમ જતના **Kit** જેમાં પોંજણી, **gas burner cap**, ગુચ્છો, માટલાના ગરણા, આદિ અસંખ્ય સૂક્ષ્મ જીવોની હિંસાથી બચવામાં ઉપયોગી ઉપકરણો અર્પણ કરવાનો પુરુષાર્થ









# LOOK & LEARN

## JAIN GYAN DHAM drives impactful projects

### Look N Learn Parent-Toddler Program
### (for ages 1.6 to 2.6 years)

*To enroll, contact*
+91 97699 99699 | +91 99204 02808

Even before the kids can think about their future, Look n learn toddlers program starts constructing their future with virtues. It offers a unique blend of fun, learning, and spiritual growth. The program focuses on holistic child development—cognitive, emotional, and social—through engaging stories, songs, and interactive activities. Children are gently introduced to mindfulness, gratitude, and compassion through simple practices like nature walks and affirmations.





## Gramya Gyanshala

**300+** *Schools*
**400+** *Didis*
**20,000+**
*Kids given Education*

A unique initiative providing education to students in rural India. The program emphasizes positive thinking, anger management, healthy habits, respect, and moral values through interactive sessions, crafts, and games.

# My Happy Habits & Know and Grow book

LNL presents two inspiring books that help children build positive habits, strong values, and emotional awareness through simple stories and fun activities — laying the foundation for mindful, confident living.

Know n grow – ₹ 100
Happy habits – ₹ 25










# LNL Vocal Book

The Listen and Learn Book - An engaging audio book that helps children effortlessly learn Jain mantras, stotras, and values through fun, repetition, and listening. A joyful way to build spiritual roots from an early age.

Vocal book – ₹ 500

## • Available At •

### PARASDHAM

**Mumbai:** Vallabh Baug Lane, Tilak Road, Ghatkoper (east) Mumbai - 400077, Maharashtra.
**Kolkatta:** 12, Bakul Bagan Row, Bakul Bagan, Bhowanipore, Kolkata - 700025, West Bengal.
**Rajkot:** Jalaram 1/street 6, Africa Colony-6, Jala Ram Nagar, Rajkot - 360007, Gujarat.
**Junagadh:** Rupayatan Rd, Bhavnath, Junagadh - 362004, Gujarat.

### PAWANDHAM

**Mumbai:** Mahavir Nagar, Kandivali (west) Mumbai - 400067, Maharashtra.
**Vadodara:** Hathibhai Nagar, Diwalipura, Old Padra Road, Vadodara - 390015, Gujarat.

# વ્યથાની કથા

## અર્હમ યુવા સેવા ગ્રુપ..
## અમારા સ્વજન !

મારે ભણવું છે પણ
મારા પપ્પા પાસે
feesના રૂપિયા નથી

સવારે જમીએ તો સાંજનું ભોજન મળશે કે નહીં
એની ચિંતા કાયમ રહે છે ક્યાં જઈએ ?

મારા 60 વર્ષના પિતાને અસ્થમા છે
પણ મારી પાસે એમની
દવા માટે રૂપિયા નથી !

હું લાચાર રોડ પર લોહીથી લતપત
કેટલા સમયથી પડ્યો છું..
કેટલાય લોકો પસાર થયા
કોઈ મારી વેદના જોઈ નથી શકતું !
- અબોલ જીવોનો પોકાર

અમે વૃદ્ધ થઈ ગયા એટલે
દીકરા-વહુ વૃદ્ધાશ્રમમાં મૂકી ગયા,
અહીંયા અમારી સાથે બેસી
અમારી વાત સાંભળનાર કોઈ નથી..

અમને પણ બીજા બાળકોની જેમ
amusing park જવું છે ઘણું બધું રમવું છે
પણ અમને કોણ લઈ જાય ?

મારી બેનને અચાનક stroke આવ્યો અને
full body paralize થઈ ગયું.
Hospitalની treatment માટે 20 lac
જેવી મોટી રકમ ક્યાંથી લાવી ?

અમારું ઘર તૂટી ગયું છે પાણી ટપકે છે
ક્યારે દિવાલ તૂટી જશે ખબર નથી.
Repair કરાવવાના રૂપિયા નથી..

આવી અનેક અનેક વ્યથાઓ હોય છે અનેક અનેક વ્યક્તિઓની અને
દરેકનો પ્રશ્ન હોય છે કોણ સાંભળે અમારી વ્યથાની કથા, અત્યારે કોની પાસે સમય છે અને કોના દિલમાં સદ્‌ભાવના છે ?
સમય અને સદ્‌ભાવનાના દર્શન થયા અમને કરુણાનિધાન **રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ**ની પ્રેરણાથી
સર્જાયેલા **અર્હમ યુવા સેવા ગ્રુપના** સેવાભાવી સેવકોમાં જેવો સ્વજન બની અમારી પાસે આવ્યા
અમારી વ્યથાની કથા સાંભળી અને અમે યથાયોગ્ય સહાય કરી અમારી હતાશાને આશામાં convert કરી અમને ચિંતા મુક્ત કર્યા.
અમને સમય આપ્યો અમને parkમાં લઈ ગયા, અમે ઘણી બધી games રમ્યા. અર્હમના કારણે આજે હું મારી ભણવાની ઈચ્છા પૂરી કરી શકું છું.
**સ્વજન એ હોય જેમના માટે સર્વ જન સ્વના હોય, પોતાના હોય એવી આત્મીયતાની અનુભૂતિ કરાવનારા હોય.**

# વ્યથાની કથા

## બળબળતી દાહથી પીડાતી જિંદગી પર કરુણા વર્ષાના અમીછાંટણા



હું વસઈમાં રહેતો એક સામાન્ય કારીગર છું. રોજગારી માટે લોકોના ઘરમાં AC repair કરવાનું કામ કરું છું. એક એવું કામ જે લોકોના તનને ઠંડક આપતું પણ ઠંડક આપવાવાળા વ્યક્તિના, એટલે મારા મનને ઠંડક આપવા સક્ષમ ન હતુ.

ભલે હું નાનો વ્યક્તિ હતો પણ મારા સપનાને પૂરા કરવાની ચાહમાં દરેક સવારે હું નીકળી પડતો પણ દરેક રાત અધૂરા સ્વપ્ન સાથે વિદાય થતી. છતાં પણ હું મારા સ્વપ્નને શીતળતા આપવા મહેનત કરતો રહેતો. સ્વપ્ન હતા તો બસ, મમ્મી માટે એક પાક્કું ઘર બનાવું અને બહેનના ધામધૂમથી લગ્ન કરવા.

એ દિવસ આજે પણ મને સ્પષ્ટ યાદ છે, હું એક buildingના બીજા માળે AC repair કરી રહ્યો હતો ત્યારે અચાનક compressor ફાટી ગયું. Blast એટલો જોરદાર હતો કે બંને હાથ, પગ, પેટ, પીઠ અને ચહેરો બળી ગયા હતા. ક્ષણે-ક્ષણે દુખાવો વધી રહ્યો હતો. મેં બૂમો પાડી પણ લોકો ambulance બોલાવવાને બદલે મોબાઈલમાં મારો video લઈ રહ્યાં હતા.

વેદના એટલી બધી હતી કે હું ત્યાં જ બેહોશ થઈ ગયો હતો મને પછી ખબર પડી કે મને હોસ્પિટલમાં લઈ જવાયો ત્યારે doctorએ મારી આ condition જોઈને કહેલું હતું કે, આ મેડિકલ emergency છે, તરત surgery કરવી પડશે પણ તેના પહેલા ₹2 લાખ જમા કરાવો. હું હોંશમાં નહોતો, પણ પપ્પાના આંસુ અને દોડાદોડીનું સંવેદન મને બેહોશીમાં પણ અનુભવાઈ રહ્યા હતા, પપ્પા પાસે માત્ર 300 રૂપિયા હતા.

તેઓ તરત જ જેમની પાસે પૈસા મળી શકે તેમ હતા એવા બધા સ્વજનો પાસે મદદ માંગી રહ્યા હતા. પરંતુ emergencyમાં આટલી મોટી મદદ કરવા માટે કોઈ તૈયાર ન હતું. કોઈ ₹ 5000 આપતા, કોઈ માની જતા.. ક્યારેક કોઈ મોઢા પર જ ના પાડી દેતા તો ક્યારેક કોઈ સહાય આપતું, છતાં, કંઈ પૂરતું ન હતું...

ન તો Health Insurance હતું, ન company પાસેથી પણ કોઈ વધારે સહાય મળી. અંધકારનો આ રસ્તો બહુ લાંબો લાગવા લાગ્યો.. પપ્પાની આવી હાલત જોઈને મારા હિંમતના શ્વાસ તૂટવા લાગ્યા. પરિવાર પર બોજ બનીને જીવાની ઈચ્છા નહોતી થતી.

અને એ સમય Critical હતો. મને બચાવવા માટે માત્ર દયા નહીં, કોઈની હિંમત અને ઝડપ જોઈતી હતી. માત્ર પૈસાથી જીવન બચી શકે તેમ હતું અને તે સમયે જીવનદાતા બનીને મળ્યા - Arham Yuva Groupના સભ્ય. એમને માત્ર પપ્પાની વેદના ન સાંભળી, પણ જવાબદારી પણ લીધી. ખૂબ ઝડપથી સહાય આપી... અને મારો ઈલાજ શરૂ થઈ ગયો.

આ વાતને એક વર્ષ થઈ ગયું છે હજી મારા હાથ, પગ પૂર્ણપણે સક્ષમ નથી બન્યા પરંતુ નજીકના ભવિષ્યમાં થઈ જશે તેવો મને વિશ્વાસ છે.

તે દિવસથી લઈને આજ દિવસ સુધી અર્હમ્ યુવા સેવા ગ્રુપના સભ્યો માટે અને તેમને પ્રેરણા આપનાર રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ માટે અને જેમના ધનના અનુદાન થકી આ કાર્ય થયું તે સર્વ મારા જીવનદાતા માટે દરરોજ મારા હૃદયમાંથી એક દુવા નીકળે છે કે જેઓએ મારુ જીવન બચાવ્યું ભગવાન તેમના જીવનની રક્ષા કરે, તેઓને લાંબુ આયુષ્ય આપે અને તેમનું આરોગ્ય સદા સ્વસ્થ રહે. Thank you very much

**કોઈના આંસુ જોઈ દુ:ખી થવું સહેલું છે, પણ કોઈના દુ:ખમાં દવા બની જવું -એ જ સાચી માનવતા છે.**

**આપ માત્ર મારા જેવા એક રક્ષિતને નહીં પરંતુ અનેક જીવનોને બચાવી શકો, હજીને હજી આવા કાર્ય કરતાં રહો તેવી મારી આપને વિનંતી સહ શુભેચ્છા....**

લિખિતન - રક્ષિતભાઈ

## વ્યથાની કથા

# ‘ગુરુ કૃપા’



હું વિજયભાઈ એક સમયે ભાવનગરમાં રસ્તા પર ઊભા રહીને સમોસા વેચતો હતો. લોકો માટે કદાચ એ માત્ર ત્રણ રૂપિયાનો નાસ્તો હોય, પણ મારા માટે એ ત્રણ રૂપિયા, એ જીવન ચલાવવાનો એકમાત્ર આધાર ! ત્રણ રૂપિયામાં સમોસા વેચીને બાની ગેંગરીનની તકલીફ દૂર કરવાની અને પત્ની સાથે નહોતી રહેતી માટે દોઢ મહિનાનો દીકરો મંથનની જવાબદારી પણ સંભાળવાની હતી.

**મારો મંથન તે સામાન્ય બાળક ન હતો, તે મંદબુદ્ધિનો હતો. પણ પિતાનું દિલ તો સંતાનમાં ધબકે અને જો તેને કઈ થાય તો શ્વાસ અદ્ધર થવા લાગે. એકવાર મંથનને ફીટના કારણે આખું શરીર ધ્રૂજવા લાગ્યું. તરત તેને doctor પાસે લઈ જવો હતો, પણ ખીસામાં તો માત્ર 20-25 રૂપિયા હતા.**

ત્યારે મને મારા એક સ્વજન યાદ આવ્યા જેમણે મે થોડા મહિનાઓ પહેલા મારી મહેનતના પૈસા બચતરૂપે વિશ્વાસ સાથે સાચવા આપ્યા હતા, મુશ્કેલી આવે ત્યારે એ સહારો બને. આશાની કિરણ લઈ તેમના પાસે ગયો પણ મારા કર્મ કેવા કે વિશ્વાસઘાત થયો, પૈસા તો નહીં પણ એક હૂંફની લાગણી પણ ન મળી.

નિ:સહારો ઘર ઘર ભટકતો હતો, કયા જવું, શું કરવું કઈ સમજાતું ન હતુ. લાચાર મારા હાથ, લાચાર મારી પરિસ્થિતિ.

જ્યારે મારી પાસે કોઈ પોતાનું કહી શકાઈ તેવું સ્વજન ન હતું એવા મુશ્કેલીના સમયે સ્વજન બનીને આવ્યા અર્હમ્ યુવા સેવા ગ્રુપના સભ્યો sweety didi અને Rinku didi! મે તેમની પાસે મારી વ્યથા કહીને જ્યારે હાથ લાંબો કર્યો ત્યારે તેમને મને પૂછ્યું, ‘‘કેટલા રૂપિયાની જરૂર છે ?’’ મે કહ્યું, 15,000 રૂપિયા ત્યારે તેમને મને 20,000 રૂપિયા આપીને કહ્યું, આ તો તેના operationમાં જ ખર્ચાય જશે તેના પછી તેના દવાનો ખર્ચો પણ થશેને ? ત્યાર થી લઈને આજ સુધી દર મહિને મંથનની દવાના પૈસા મારે ક્યારેય માંગવા જવા નથી પડ્યા તેઓ એ મને સામેથી આપ્યા છે. આટલી care કયા સ્વજન કરી શકે ?

પણ આ તો જીવન હતું, જ્યારે હું થોડી રાહતનો શ્વાસ લેતો હતો ત્યારે સમય એ ફરી મારી નવી પરીક્ષા લેવાનું પસંદ કર્યું. વર્ષા ઋતુ, જોરદાર વરસાદ પડતો હતો અને એક દિવસ તે મેઘ એવો વરસ્યો કે અમારા ઘરની કાચી છત તેને જીલી ન શકી. જ્યાં છત પડી તેની બાજુમાં જ મારો દીકરો સૂતો હતો, તે છત તેના ઉપર પડી હોત તો મારુ શું થાત ?

સમોસાં વેંચીને ઘર ચાલી શકે એટલા જ પૈસા હતા તો ઘરની છત મરમત કેવી રીતે કરાવવી ? ઘણા લોકોને વિનંતી કરી, પણ નિરાશા સિવાય કઈ હાથ ન લાગ્યું. ત્યારે યાદ આવ્યો તે માનવતાનો સંબંધ, અર્હમ્ ગ્રુપ સાથે વાત કરી ત્યારે તેમણે મને ગુરદેવના દર્શન કરી અને એમને વિનંતી કરવા કહ્યું.

હું એક પત્ર લઈને આશા સાથે ગુરુદેવ ગિરનાર બિરાજમાન હતા ત્યાં તેમના દર્શન કરવા ગયો. આખો hall ભરેલો હતો. ત્યાં ગુરુદેવ એ મને જોયો. એમને મને પૂછ્યું કે શું તમને કોઈ વ્યસન છે ? જેવી મે ના પાડી, તેમને એક જ ક્ષણમાં કહ્યું : ‘‘વિજયભાઈ, તમે ચિંતા ન કરો. હું અર્હમ્ ભાવનગરને message મોકલું છું. તમારી વ્યથા હવે અમારી વ્યથા છે.’’

હજુ હું ભાવનગર પાછો ગયો ત્યાં તો અર્હમ્માંથી સ્વીટીદીદીનો call આવ્યો અને મને મારુ ઘર જોવા લઈ ગયા, મારા હાથમાં ચાવી આપી. તે ચાવી હતી અમારા નવા ઘરની.

જીવનમાં ઘણા સજ્જન લોકોની વાતો સાંભળી હતી પણ આજે મને એવા સ્વજન મળ્યા હતા કે અમારુ આખું જીવન, મારા દીકરાની life, અમારુ નવું ઘર બધુ જ તે નવા સ્વજનની ભેટ હતી. માટે જ મેં અમારા ઘરનું નામ પણ ‘‘ગુરુ કૃપા’’ રાખ્યુ છે. જે મને પળેપળ એવો અનુભવ કરાવે છે હું ગુરુ કૃપાની છતમાં અને ગુરુ કૃપાના આશ્રયમાં એક સલામત અને સુરક્ષિત જીવન જીવી રહ્યો છું.

**લિખીતન- વિજયભાઈ**

# વ્યથાની કથા




## મુશ્કેલ રાહમાં પણ જીવંત છે

# એક આશ




મહાનગરી મુંબઈના પોઇસરમાં, ચોથે માળે ભાડાની રૂમમાં છેલ્લા 9 વર્ષથી અમારો વસવાટ છે. રૂમની છતમાંથી પાણી આવે છે કેમ કે ઘર કાચું છે માટે. Husband job કરે છે અને હું ટિફિનનું કામકાજ કરું છું. Order પ્રમાણે ભોજન બનાવીને ટિફિન મોકલું છું. દીકરો રોનક ભણે છે. Husbandની વર્ષ 2011માં bypass સર્જરી કરાવી છે અને ત્યારથી medicine પર જીવી રહ્યાં છે. એટલે તેઓ શારીરિક અવસ્થા ને કારણે વધારે load લઈ શકે તેમ નથી.

**આવી વિકટ પરિસ્થિતિમાં પણ સેવા જ અમારા મનોબળને મજબૂત રાખે છે અને પુણ્ય બાંધવાનું ભાતું બને છે. પરમ ગુરુદેવ પ્રેરિત લુક એન્ડ લર્ન જૈન જ્ઞાનધામમાં હું છેલ્લા 8 વર્ષથી દીદી તરીકે બાળકોને ભણાવી રહી છું. કલ્યાણના આદિવાસી વિસ્તારના બાળકોને ભણાવુ છું અને અર્હમ્ યુવા સેવા ગ્રુપમાં પણ સેવા આપી રહી છું.**

મારો દીકરો રોનક અત્યારે Canadaમાં છે. તે mastersનું study કરવા ગયો હતો. તેનું ભવિષ્ય સાથે ઘરની પરિસ્થિતિ પણ સુધરશે તે આશા સાથે તેના graduation માટે HDFC bankમાંથી 21 લાખ રૂપિયાની loan લીધી હતી.

ત્યાર બાદ પરિસ્થિતિ એવી બની કે ભાડાનું ઘર પણ તૂટવાનું હતું, loanની કેવી રીતે ભરપાઈ કરશું તે પણ પ્રશ્ન હતો. જો એ સમયે loan ન ભરી હોત તો કદાચ રોનકનું studies પણ અટકી જાત. તેવા સમયે પરમ ગુરુદેવની કૃપાથી અમને અર્હમ્ યુવા સેવા ગ્રુપ તરફથી મહત્તમ રકમની educational help મળી..

આ education helpએ માત્ર રોનકનું ભવિષ્ય નહીં આખા ઘરનું ભવિષ્ય સુરક્ષિત કરી દીધું. આ એક helpએ અમારી આંખોમાં આસું, જે ચિંતા હતી તે કેટલી હળવી કરી દીધી, એ તો જેની સાથે આવી પરિસ્થિતિ થઈ હોય તેને જ ખબર પડે.

બધી બાજુથી નિરાશા પ્રાપ્ત થતી હોય ત્યારે જીવનને ફરીથી આશાવંત બનાવાનું કાર્ય કર્યું છે અર્હમ્ યુવા સેવા ગ્રુપએ ....

હજી પણ રોનકની loanના ત્રણ લાખ રૂપિયા ભરપાઈ કરવાના બાકી છે. બસ હવે જો Canadaમાં એને field job મળી જાય તો પછી આગળ ઘર પણ લઈ શકીએ.

આંખોથી દેખાતી જીવનની વાસ્તવિકતા કપરી છે, જીવનની રાહ મુશ્કેલીઓના કાંટાથી ભરેલી છે... તેમ છતાં, હૃદયના કોઈક ખૂણે જીવંત છે એક આશ... કે પરમ ગુરુદેવના આશીર્વાદ અમારી સાથે છે.

**સંકટના સમયે Arham Yuva Seva Group સ્વજન બની અને મારા દીકરાનું ભવિષ્ય બરબાદ થતાં અટકાવી દીધું. સંકટના સમયે રૂપિયા ન મળ્યા હોત તો જીવનની શું દશા થાત તે ખબર નથી...**

**લિખિતન- વંદનાબેન**

# સત્કાર્યમાં જોડાવવા માટે

| 55 CENTERS | 5 MILLION+ LIVES | 1000+ |
|---|---|---|
| Across India | Impacted & Supported since Inception | Volunteers |

**Contact Us: +91 7666708869**

**www.arham.org I E: support@arham.org I / AYSGIndia**

Arham Yuva Seva Group

## FOR ANY ENQUIRY / DONATIONS, PLEASE CONTACT

| CENTER | MOBILE | CENTER | MOBILE | CENTER | MOBILE | CENTER | MOBILE |
|---|---|---|---|---|---|---|---|
| Ghatkopar GN | : 9136442474 | Mulund | : 9136442477 | Gondal | : 9136442487 | Chennai | : 9136442495 |
| Ghatkopar Sr. | : 9136442475 | Mulund GN | : 9136442477 | Baroda | : 9136442488 | Kolkata | : 9136442496 |
| Ghatkopar W | : 9136442476 | Vasai | : 9136442483 | Hyderabad | : 9000633222 | Amravati | : 9136442497 |
| Pawandham GN | : 9136442479 | Dombivali | : 9136442478 | Ahmedabad | : 9136442490 | Akola | : 9136442498 |
| Pawandham Sr. | : 9136442480 | Tardeo | : 9136442485 | Rajkot | : 9136442491 | Delhi | : 9136442489 |
| Kandivali Main | : 9136442482 | Matunga/ Chinchpokli | : 9136442486 | Junagadh | : 9136442492 | Raipur | : 9575263000 |
| Koperkhairane | : 9136442484 | Dahisar | : 8692963595 | Bhavnagar | : 9136442493 | Bilaspur | : 7224859321 |
| South Mumbai | : 9136442485 | Wadala | : 8421476610 | Jamnagar | : 9136442494 | Jharia | : 7004496481 |
| Fort | : 9969524488 | Wakaner | : 9737599990 | Surat | : 9821080180 | Latur | : 9370676824 |
| Andheri | : 9136442481 | Solapur | : 8390088700 | Bhuj | : 7016684469 | Pune | : 8668636892 |
| | | | | Bangalore | : 7718853165 | Rourkela | : 9348579297 |
| | | | | Dhari | : 9427223236 | Veraval | : 9033390300 |

**માનવસેવા અને**

**જીવદયાની Daily પ્રવૃત્તિમાં જોડાવા ઈચ્છતા હોય તો**

**Contact AYSG Rajkot: + 91 9136442491**

---

Look N Learn Jain Gyan Dham

| 100+ | 3 M+ | 1,72,000+ |
|---|---|---|
| Centres Globally | Hours of seva by Look N Learn didis | Children graduated |

**Contact Us: +91 86574 84478**

**Website: https://parasdham.org/look-n-learn/**

---

SOHAM MAHILA MANDAL

Soham Mahila Mandal

**Contact Us**

**+ 91 9869394675**

પરમ ટીફીન સહાય યોજના

Param Tiffin Sahay

**Contact Us**

**+91 9892097757**

PARASDHAM YOUTH

**Contact Us**

**RAJKOT : +91 9510190007**

**KOLKATA : +91 9007537776**

**AHMEDABAD : +91 7490831892**

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2023-2025 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2023-2025
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-10-2025




Printed & Published by : Deepak K. Bhayani on behalf of Jain Kranti, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.
Printed at : Arihant Printing Press, B/4, 310, Trikal Bldg., Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075, Maharashtra.
Edited by : Deepak K. Bhayani, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.